# સાહિત્ય અને એકાંકી

ધીરુ પરીખ

નાટકનું સ્વરૂપ આપણે ત્યાં સંસ્કૃતમાં અને પશ્ચિમમાં ગ્રીક-લૅટિન અને પછી યુરોપીય ભાષાઓમાં તે પ્રકારે તે તે સમયગાળા પ્રમાણે લખાતું-વિકસતું રહ્યું છે. સંસ્કૃતમાં એક-અંકી નાટકોમાં ભાણ, વીથિ, વ્યાયોગ, ઇહામૃગ, ઉલ્લાપ્ય ઇત્યાદિ વિવિધ પ્રકારોની ગણના કરવામાં આવી છે. ગ્રીસમાં સોફોક્લીસ, યુરિપિડિસનાં નાટકો પ્રમાણમાં નાના કદનાં હતાં. તો ત્યાં પશ્ચિમમાં ખ્રિસ્તી ધર્મના પ્રચારાર્થે ત્યાંની ધર્મકથાઓ પર આધારિત ટૂંકાં નાટકો લખાતાં અને દેવળોમાં ભજવાતાં. આ ઉપરાંત 'થ્રી એમ.' (ત્રણ 'મ'કારવાળાં) નાટકો 'મૉરાલિટીઝ', 'મિરેકલ્સ' અને 'મિસ્ટરીઝ'ના કેન્દ્રવર્તી કથાવસ્તુ પર આધારિત ટૂંકાં નાટકો પણ લખાતાં હતાં. આ ઉપરાંત પશ્ચિમમાં દીર્ઘ નાટકોની સાથે સાથે નાટકના પ્રારંભે 'કર્ટન રેઇઝર' એટલે કે આરંભિકા, 'ઇન્ટરલ્યૂડ' એટલે કે અંતરાલિકા અને 'આફ્ટર પીસ' એટલે કે અનુસારિકા જેવાં ટૂંકાં મંચનો થતાં હતાં. આ બધાંનો જ એક અંકી નાટકના ઉદ્ભવમાં પરોક્ષ ફાળો છે.

પણ એ યાદ રહેવું ઘટે કે જેને આજે આપણે એકાંકી કહીએ છીએ તે તો તદ્દન સ્વતંત્ર નાટ્યપ્રકાર છે અને તેનું ઉદ્ભવસ્થાન પશ્ચિમી સાહિત્યમાં છે. તે સ્વયંસંપૂર્ણ હોય, દૃશ્યમાં વિભાજિત પણ હોય. પણ આપણે આજે જેને એકાંકી કહીએ છીએ. તે અંગ્રેજી 'one-act-play'ના અનુવાદ તરીકે સમજીએ છીએ, અને સ્વીકારીએ છીએ આ એકાંકીના ઉદ્ભવમાં સમયની ખેંચે મુખ્ય ભાગ ભજવ્યો છે. આધુનિકકાળમાં જેમ જેમ મનુષ્યસમાજમાં વ્યવસ્તતા વધતી ગઈ તેમ તેમ દીર્ઘનાટક જોવાના સમયની ખેંચ પડવા લાગી. પણ મનુષ્યને કોઈ 'રિલીફ', કોઈ થોડી નિરાંત માણવી જરૂરી હોય છે તેથી આ એકાંકીપ્રકારની ઉત્પત્તિમાં તે સમયની ખેંચનો પણ મહત્ત્વનો ફાળો છે.

આમ છતાં પણ ઍરિસ્ટોટલે જે ત્રિવિધ એકતાનો નાટકમાં નિર્દેશ કર્યો છે તે આ એકાંકીમાં પણ જરૂરી છે અને તે છે સમય-કાળ (time), સ્થળ (space) અને ક્રિયાવેગ (action) : પછી આ જ એકાંકી આગળ જતાં આધુનિકકાળમાં ઍબ્સર્ડ નાટકનું રૂપ ધરીને પણ અમલમાં આવે છે. 'વેઇટિંગ ફૉર ગોદો' એનું એક ઉત્તમ ઉદાહરણ છે.

આ ભૂમિકા પછી હવે ગુજરાતી એકાંકીનો વિચાર કરીશું તો ગુજરાતીમાં તેના ઉદ્ભવને લગભગ ૯૦ વર્ષ પૂરાં થઈ ગયાં છે. આરંભ કરનાર હતા બટુભાઈ ઉમરવાડિયા. બટુભાઈએ ગઈ સદીના ત્રીજા દસકના લગભગ મધ્યભાગે એટલે કે ઈ. ૧૯૨૫માં 'મત્સ્યગંધા અને બીજાં નાટકો' નામે એકાંકીસંગ્રહ પ્રકટ કર્યો હતો. તો બે વર્ષ બાદ ઈ. ૧૯૨૭માં 'માલાદેવી અને બીજાં નાટકો' નામનો સંગ્રહ આપ્યો. એમનાં

એકાંકીઓમાં એકાધિક દશ્યોને કારણે જાણે બંધારણ થોડું શિથિલ જણાય છે. એ જ ગાળામાં લગભગ ૧૯૨૫માં પ્રકટ થયેલા યશવન્ત પંડ્યાના એકાંકી 'ઝાંઝવાં'માં જાણે એકાંકીનો કલાઘાટ વધુ સિદ્ધ થતો વર્તાય છે. પ્રાણજીવન પાઠકે પણ આ ગાળામાં પ્રમાણમાં સારાં એકાંકી આપ્યાં છે.

ત્યાર બાદ ઇન્દુલાલ ગાંધી 'નારાયણી અને બીજાં નાટકો' ૧૯૩૨માં પ્રકટ કરે છે, અને ૧૯૪૭ સુધીમાં 'પથ્થરનાં પારેવાં' સહિત છ એકાંકીસંગ્રહો આપે છે. આમાં ગંભીર વિષયવસ્તુ છે તો 'પગરખાંનો પાળિયો' જેવા એકાંકીમાં હળવાશ પણ સુપેરે સુ-ઘાટ પામી છે, પરંતુ ઉમાશંકર જોશી 'સાપના ભારા' નામક એકાંકીસંગ્રહ લઈને આવે છે ત્યારે જાણે એકાંકી સરસ આકાર પ્રાપ્ત કરે છે. ગુજરાતી એકાંકીના ઇતિહાસમાં આ પ્રકાશન એક સીમાચિહ્નરૂપ ઘટના બની રહે છે. આ સંગ્રહનાં એકાંકીઓમાં મુખ્યત્વે ગ્રામજીવન કેન્દ્રમાં છે તો ૧૯૫૧માં એમનો બીજો એકાંકીસંગ્રહ 'શહીદ' પ્રકટ થાય છે તેમાં શહેરી જીવન કેન્દ્રસ્થ છે.

તો વળી કૃષ્ણલાલ શ્રીધરાણી થોડો સમય શાન્તિનિકેતનમાં ગાળી આવેલા તેથી તેમના પર રવીન્દ્રનાથ ટાગોરની ઊંડી અસર અંકાઈ હતી તે તેમના ૧૯૩૧ના 'વડલો'માં જોવા મળે છે. એમાં કલાકાઠું વધુ ત્રેવડવાળું બન્યું છે. ૧૯૩૩માં તેઓ 'સોનપરી અને બાળનાટકો' આપે છે તેમાં પણ સાહિત્યિકતાનો સ્તર ઊંચો ગયેલો જણાય છે. એ જ દસકામાં ઝવેરચંદ મેઘાણી 'વંઠેલાં અને બીજી નાટિકાઓ' આપે છે તથા ભાસ્કર વોરા ૧૯૪૦માં 'રાખનાં રમકડાં' લઈને આવે છે. ચં. ચી. મહેતા પણ ૧૯૩૩માં 'અખો, વરવહુ અને બીજાં નાટકો' તથા ૧૯૩૭માં 'પ્રેમનું મોતી અને બીજાં નાટકો' આપે છે. તેમણે 'ધારાસભા', 'દેડકાંની પાંચ શેરી' જેવી નાટ્યરચનાઓ દ્વારા સારી એવી અભિનયક્ષમતાનો પુરાવો પૂરો પાડ્યો.

તો જયંતિ દલાલ જેવા શહેરી મિજાજ ધરાવતા સર્જકે 'પ્રવેશ', 'જવનિકા', 'પ્રવેશ બીજો' (૧૯૫૦), 'ત્રીજો પ્રવેશ' (૧૯૫૫), 'ચોથો પ્રવેશ' (૧૯૫૭)માં સભ્ય એવી નગરસંસ્કૃતિને સફળતાથી નાટ્યરૂપ આપ્યું છે. તો ચુનીલાલ મડિયાએ 'દીકરીના મા', 'રામલો રૉબિનહુડ', 'વરવહુ અમે' દ્વારા સફળ એકાંકીસર્જકનું સ્થાન સિદ્ધ કર્યું. પુષ્કર ચંદરવાકર દ્વારા 'પિયરનો પડોશી' જેવું ભજવણીમૂલક એકાંકી મળે છે તો શિવકુમાર જોશી 'પાંખ વિનાનાં પારેવાં' સંગ્રહ આપે છે જેમાં નાટ્યકલાનો સંતોષપ્રદ અનુભવ થાય છે. ગુલાબદાસ બ્રોકરે પણ 'મા અને દીકરી' જેવું એકાંકી આપેલું છે. ત્યાર પછી તો પ્રબોધ જોશી, નંદકુમાર પાઠક, પ્રાગજી ડોસા, જશવંત ઠાકર, વજુભાઈ ટાંક, દામુ સાંગાણી, અનન્ત આચાર્ય, મધુકર રાંદેરિયા, રવીન્દ્ર ઠાકોર, બકુલ ત્રિપાઠી, હસિત બુચ, સુરેશ ગાંધી, જ્યોતિ વૈદ્ય, જયભિખ્ખુ વગેરેએ એકાંકીઓ સફળતાપૂર્વક આપ્યાં છે.

પરન્તુ ૧૯૫૫ પછી ગુજરાતી એકાંકી નવો અવતાર ધારણ કરે છે. એમાં તત્કાલીન સામાજિક-રાજકીય-શૈક્ષણિક સ્થિતિ-પરિસ્થિતિના આડકતરા ઇશારા મળે છે.

આ સર્જકોમાં મધુ રાય, લાભશંકર ઠાકર, આદિલ મન્સૂરી, સુભાષ શાહ, હસમુખ બારાડી, ચિનુ મોદી, ઇન્દુ પુવાર, શ્રીકાન્ત શાહ, રમેશ શાહ, વિભૂત શાહ, રઘુવીર ચૌધરી, ચંદ્રકાન્ત શેઠ, મહેશ દવે, મુકુંદ પરીખ વગેરે આ નાટ્યપ્રકારમાં સારું પ્રદાન કરે છે. જોકે ગઈ સદીના છેલ્લા દાયકામાં આવતાં વળી પાછું એકાંકીનું ચક્ર ઘટના-પ્રધાનતા તરફ પાછું ફરે છે. આમાં વર્ષા અડાલજા, સતીશ વ્યાસ, પરેશ નાયક, વિનોદ અધ્વર્યુ, દલિતચેતનાને કેન્દ્રમાં રાખી દલપત ચૌહાણ, મોહન પરમાર આદિએ પણ સારો ફાળો આપ્યો છે. તો ત્યાર પછીના ગાળામાં પ્રવીણ પંડ્યા, સૌમ્ય જોશી, રવીન્દ્ર પારેખ, સોનલ વૈદ્ય, સરૂપ ધ્રુવ, દેવાંગી જોશી વગેરે પણ નાટ્યક્ષમતાયુક્ત ઘટનાપ્રધાન એકાંકીઓ આપી આ સ્વરૂપને આગળ વધારતાં રહ્યાં છે. આ એકાંકીઓ ક્યારેક આંગિકમ્પ્રધાન તો ક્યારેક વળી વાચિકમ્પ્રધાન પણ હોય છે.

આ રીતે ગુજરાતી એકાંકીનો ઇતિહાસ પ્રગતિશીલ રહ્યો છે. આમાં શાળામહાશાળાઓમાં તથા રસોત્સવો, વાર્ષિક કાર્યક્રમોનો પણ સારો એવો ફાળો રહ્યો છે. તો સાથેસાથે આકાશવાણી અને દૂરદર્શને પણ આ નાટ્યસ્વરૂપને સારી રીતે પોષી જાણ્યું છે.